# શહેરમાં બજેટ ક્યાંક માઠું - ક્યાંક મીઠું

## પગારદારો અને મધ્યમ વર્ગ અંદાજપત્ર સામે નિરાશા વ્યક્ત કરે છે, જ્યારે વેપાર-ઉદ્યોગના પ્રતિનિધિઓ અંદાજપત્રને વધાવે છે

*ગાંધીનગર, તા. ૧*

*દેશવાસીઓની આશા-અપેક્ષાઓ અને પાંચ રાજ્યોની ચૂંટણીના ઓછાયા-પડછાયા વચ્ચે કેન્દ્રિય નાણામંત્રીએ રજૂ કરેલ વર્ષ-૨૦૨૨-૨૩ના અંદાજપત્રને મીશ્ર પ્રતિભાવો સાંપડી રહ્યા છે. ફુગાવો નાથવા તથા ક્રિપ્ટો કરન્સીને નિયંત્રિત કરવાના પગલાંઓ સાથે માળખાકીય સુવિધાઓ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરતા અંદાજપત્ર મધ્યમ વર્ગને નારાજ કર્યા છે. ઈન્કમટેક્ષ સ્લેબમાં કોઈ ફેરફાર ન કરાતા નોકરીયાત વર્ગમાં ભારે નિરાશા છે. આર્થિક નિષ્ણાતો પણ એમ માને છે કે મધ્યમવર્ગને ટેક્સમાં થોડીક રાહત અપાઈ હોત તો બજારમાં ઝડપથી નાણાંની ઉપલબ્ધતા થઈ શકી હોત. જોકે સાઈઠ લાખ નોકરીઓનું વચન સાકાર થશે કે નહી એના પર પણ શંકા-કુશંકાઓ વ્યક્ત થઈ રહી છે. ગરીબો માટે એંશી લાખ મકાનોની જાહેરાત સૌ એકી અવાજે વધાવે છે. ૨૫ હજાર કીલોમીટરના નેશનલ હાઈવે તથા ૪૦૦ વંદે ભારત ટ્રેનો શરૂ કરવાની જાહેરાતો વિકાસની નવી દિવાદાંડી દર્શાવે છે. મોબાઈલ, ચાર્જર અને કપડાં સસ્તા થવાના સંકેતોથી મધ્યમ વર્ગને થોડીક રાહત મળી છે. પોતાની ડિજિટલ કરન્સી લોન્ચ કરવાની મક્કમતાને સૌએ આવકારી છે. પરંતુ ઈન્ટરનેટની ઉપલબ્ધી અંગે દેશમાં હજુ પણ સમસ્યાં યથાવત છે. આમ બહુરંગી અંદાજપત્ર હોવા છતાં ગાંધીનગરના મધ્યમવર્ગને તો ઈન્કમટેક્સના માળખામાં જ વધુ રસ હતો એવુ ફલિત થઈ રહ્યુ છે. ગાંધીનગર સમાચારે શહેરના વિવિધ ક્ષેત્રના પ્રતિનિધિઓ પાસેથી કેન્દ્રિય અંદાજપત્ર અંગેના પ્રતિભાવો મેળવવાનો પ્રયાસ અત્રે રજુ કરીએ છીએ.*



વૈશ્વિક કોરોના મહામારીથી ત્રસ્ત જનજીવન અને અર્થતંત્રને ઉત્તેજન આપવાને આર્થિક બુસ્ટઅપ અર્પવા નાણામંત્રી નિર્મળા સીતારામને જે અંદાજપત્ર રજૂ કરેલ છે તે આવકારદાયક છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં ખાસ કરીને રસ્તાઓ રેલવેમાં મોટા પ્રમાણમાં રોકાણ સાત લાખ કરોડ ઉપરાંતનું કરવાનું ખૂબજ ઉચિત છે. હાઉસિંગ, હોસ્પિટલાઈજેશન-સેવા તંત્ર માટે એલઆઈસીનો સહયોગ, ફાર્મસી ઉદ્યોગ સહિતના ઉદ્યોગોને, કૃષિ સહકાર તેમજ કોર્પોરેટ સેક્ટર, સોલર ઈત્યાદિને પ્રોત્સાહન, જરૂરી મશીનરીને આયાતને ઉત્તેજન, અન્ય ટેક્સમાં કોઈ વધારો ન કરી યોગ્ય કર્યુ છે. આ મહામારીના સમયે આમ વ્યક્તિઓને સહન કરવું ન પડે તે માટેની યોજનાઓની વહીવટીતંત્ર દ્વારા કાર્યક્ષમ અમલીકરણ થાય તો રાહત રહેશે. આ બજેટની વિવિધ દરખાસ્તો એકંદરે સમયોજિત હોઈ રોજગારીનું સર્જશે અને નવ ટકા ઉપરાંતનો વૃદ્ધિદર સિદ્ધ થાય તેવી શક્યતા છે.

**સુમંતભાઈ શાહ, વરિષ્ઠ નાગરિક**

●●●



આ બજેટ માં સૂચિત વિકાસની યોજનાઓ અંગે ની જોગવાઈઓ પ્રજા માટે ઉપયોગી રહેશે પરંતુ **Tax Payer** ને કપરા **Corona** કાળ બાદ પણ કોઈ રાહત ન આપવી એ નિરાશા જનક છે.


**ચેતન અંબાસણા (સરકારી વિજ્ઞાન કોલેજ, સેક્ટર-૧૫)**



કેન્દ્રીય બજેટ આમ તો મીડિયમ લાગ્યું છે પેન્શન માં રાહત આપવામાં આવી છે તે સારું કહેવાય, ઈન્કમટેકસમાં કર્મચારીઓને પગારદારો માટે પગાર વધારો કર્યો હોય તો સારું રહેતું.

**- કેસરીસિંહ બિહોલા (પેન્શનર)**

●●●



**MSME** યુનિટ છે મારું. અમારા માટે સારા સમાચાર એ છે કે કોરોના મહામારી જેવા સમયમાં ૨,૦૦,૦૦૦ કરોડનું ફંડ એડોક્ટ કર્યુ છે તે અમારા માટે સારું છે બીજું એ કે કોઈ પણ દેશ પ્રગતિ પર ત્યારે જઈ શકે છે જેમાં આ ૩ વસ્તુઓ મજબૂત હોય. ઈન્ફ્રાસ્ટ્રક્ચર, કોમ્યુનિકેશન, એજ્યુકેશન. ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં આ વખતે સારું જોર આપ્યું છે. રેલવે લાઈન નવી, ૨૫૦૦૦કિમી ના નવા માર્ગો બનશે, હાઉસિંગ પ્રોજેક્ટ માટે સારા પૈસા અલોકેટ કર્યાં છે. **5G** ટેકનોલોજી વિશે કોઈ ઉલ્લેખ કર્યો નથી. ટેકનોલોજી મુજબ વિકાસ કરવો હશે તો **5G** નો ઉપયોગ કરવો પડશે. **5G** તરફ જવું જરૂરી છે. હેલ્થમાં સારું પરિણામ મળ્યું છે. ટેક્ષ કલેક્શન **GST** નો જાન્યુઆરી માં ૧,૪૦,૦૦૦ કરોડ થયું. એનો અર્થ એવો કે વેપાર ઉદ્યોગ ધમધમે છે **GST** ગ્રોથ ૯.૨% ગણ્યો છે તે અચિવેબલ લાગે છે ઈન્કમટેકસની લિમિટ વધારાની આશા હતી તેના વિશે કોઈ ઉલ્લેખ જ નથી થયો તે એક પ્રશ્ન છે.


**- રાહુલ મહેતા (ઉદ્યોગપતિ)**



માત્ર વિકાસની વાતો કરી અને જે પોતાની દેશની મૂડી છે તેને વેચવા કાઢવી અને તેમ છતાં પણ દેશની ૮૪% વસ્તીને ૧% પણ ફાયદો ન થાય તે અત્યંત દુઃખદ વાત છે ઘરની મૂડી હોય અને હું વેચવા કાઢું અને વેચીને હું મારા પરિવારને કંઈ આપુ નહિ અને તાઈફા અને તમાશા કરું તથા લઈ જવા વાળી મૂડી પતિને ભાગીદાર હું અંગત બનું એ વાત કઈ વ્યાજબી લાગતી નથી. તેઓ ધારત તો નાનામાં નાના માણસને લાભ આપવાની વાત હોત સૌના વિકાસ ના શબ્દ ની આ વાત છે તો એ પેટ્રોલને જીએસટી માં લાવી શક્યા હોત. ઈન્કમટેકસ માં રાહત કરી શક્યા હોત કૉર્પોરેટ ટેક્ષમાં ઘટાડો કરવો એ તો જયચુંદો ને ફાયદો કરવાની વાત છે પણ જે સેગમેન્ટ ૫,૦૦,૦૦૦ નું છે એ ૫ લાખ ના સેગમેન્ટ વાળાને ૧૦ લાખ કે ૧૫ લાખ કરવા માં આવે તો એ સ્લેબ ૧૫ લાખ પછી ૧૦% થી ચાલુ કરવામાં આવે તો કોમન માણસો ને ફાયદો થાય પણ આવી કોઈ નીતિ તેમણે ઘડી નથી અને એ તેમની માનસિકતા છતી કરે છે કે મૂડી પતિઓની આ સરકાર છે.

**નિશિત વ્યાસ (પ્રદેશ મહામંત્રી, કોંગ્રેસ)**

●●●



બજેટ સારું છે. આવક વેરામાં કોઈ ફેરફાર નથી પણ ખેડૂતો માટે રાહત રહેશે. ખેડૂતોની આવક વધારવા માટે પીપીપી મોડમાં યોજના શરુ કરાશે જે સારું છે અને આગામી ત્રણ વર્ષમાં ૪૦૦ વંદે ભારત ટ્રેન ચલાવવામાં આવશે, ગંગા કિનારે પાંચ કિમીનો કોરિડોર બનાવવામાં આવશે. એક વર્ષમાં **PM** આવાસ યોજના હેઠળ ૮૦ લાખ ઘર બનાવવામાં આવશે.

**હરીશ ત્રિવેદી (ટેક્ષ એડવોકેટ)**


●●●



ઓવેર ઓલ આ બજેટ સારું છે પણ આવકવેરા માટે રાહત આપવામાં આવે નથી તેમાં છૂટછાટ આપવામાં આવી હોત તો સારું રહેતું. આવાસ યોજના વાળી જે વાત કરી છે તે ગરીબ અને મધ્યમવર્ગના માણસો માટે સારું છે. માળખાકીય સુવિધા પણ આવરી લેવાઈ છે.

**ભરત દેસાઇ (નોકરિયાત)**

●●●



હું એગ્રિકલ્ચરમાં છું એટલે એગ્રિકલ્ચરમાં જે ઈકવિપમેંટ છે તેમાં જીએસટીમાં ઘટાડો કર્યો છે તે સારું કર્યું છે. ખેડૂતો માટે ઓર્ગેનિક ફાર્મિંગ માટેનો જે કોન્સેપ્ટ છે તે પણ સારું છે. આ બજેટ નોર્મલ કહી શકાય છે.

**એન. પી. પટેલ (ઉદ્યોગપતિ)**

●●●



સર્વાંગી વિકાસ વાળું સારું બજેટ છે સર્વે નો વિકાસ થાય તેવું બજેટ છે ઉદ્યોગોમાં ૧૫% કરિયા, ટેક્ષમાં ૧૮% નો ઘટાડો કર્યો તેના કારણે વિકાસ થશે, કોરોનામાં જે રેટ નથી ભરાયા તે વ્યાજ માફ કરવામાં આવ્યા છે તેના કારણે માધ્યમ વર્ગ ને ફાયદો થશે. બેંકોમાં છૂટછાટ આપી છે શેરબજારમાં પણ ફૂલ ગુલાબી તેજી રહેશે. જીએસટીમાં ઘટાડો થવાથી રોજગારીની તકો વધશે.

**અશ્વિન ત્રિવેદી (એડવોકેટ)**

## ખૂણેખાંચરેથી

- નાયબ જિલ્લા વિકાસ અધિકારી સુરજ બારોટ સામાજિક કારણોસર રજા પર જતાં તેમનો ચાર્જ આંકડા અધિકારી એસ.કે. પ્રજાપતિને સોંપવામાં આવ્યો છે.
- ગાંધીનગર જિલ્લામાં ઠંડીનું જોર ઘટશે. ૨ થી ૬ ફેબ્રુઆરી દરમ્યાન મહત્તમ તાપમાન ૨૯ થી ૩૨ ડિગ્રી સે. જ્યારે લઘુત્તમ તાપમાન ૧૧ થી ૧૫ ડિગ્રી રહેવાની સંભાવના દાંતીવાડા કૃષિ યુનિ.ના હવામાનશાસ્ત્રના હવામાન અંગેના પૂર્વાનુમાનમાં વ્યકત કરવામાં આવી છે.
- પ્રાણી કલ્યાણ પખવાડિયાની ઉજવણી અંતર્ગત કામધેનુ યુનિ. દ્વારા પાલજના પશુપાલકો સાથે સંવાદનો કાર્યક્રમ યોજાયો હતો.
- રાજ્યના સ્ટેટ ટી.બી. ઓફિસર અને સંયુક્ત નિયામક ડૉ. એસ.કે. મકવાણાએ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ અને મેડિકલ કોલેજની મુલાકાત લઈ રાષ્ટ્રીય ક્ષય નિર્મૂલન કાર્યક્રમ અંતર્ગત થતી કામગીરીની સમીક્ષા કરી હતી.
- ગૃહ વિભાગના એક અધિકારી હોમ આઈસોલેટ થયા છે.
- અડાલજમાં પંચાયત વેરાની વસુલાત માટે કેમ્પ યોજવામાં આવ્યો હતો અને રૂ. ૪.૫૦ લાખની વસુલાત કરાઈ હતી.
- બેઠકોનો સિલસિલો ઘટતાં અધિકારીઓ દ્વારા હવે ફાઈલોના નિકાલ પર ધ્યાન કેન્દ્રીત કર્યુ છે.
- રાજ્ય ગૃહમંત્રી હર્ષ સંઘવી આજે પોલીસની વિવિધ કામગીરી માટેના વાહનોને ફલેગ ઓફ આપી વિદાય આપશે. સચિવાલય હેલીપેડ ખાતે આ અંગે બપોરે ૩ વાગે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ છે.
- ગાંધીનગર શહેરમાં માર્ગોના રિપેરીંગ સહિતના કામો પુનઃ શરૂ થયા છે.

# શંકાસ્પદ ટીબીના દર્દીઓની તપાસ તમામ વિભાગે કરવાની રહેશે : ડો.એસ.કે.મકવાણા

### કોરોના નેગેટીવ દર્દીઓની ટીબીની તપાસ કરવી ખુબ જ આવશ્યક, ઓપીડી અને વોર્ડમાં દર્દીઓને મળી ચર્ચા કરી

ગાંધીનગર, તા.૧

સમગ્ર ભારતમાંથી ટીબીને વર્ષ-૨૦૨૫ સુધીમાં નાબુદ કરવાનું ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આહ્વવાન કર્યું છે. ત્યારે ગુજરાત રાજયના સ્ટેટ ટીબીના સંયુકત નિયામક ડો. એસ.કે.મકવાણાએ રાષ્ટ્રીય ક્ષય નિર્મૂલન કાર્યક્રમ અંતર્ગત ગાંધીનગર મેડીકલ કોલેજ અને સિવિલની મુલાકાત લીધી હતી. મેડીકલ કોલેજ ખાતે આયોજીત બેઠકમાં મેડીકલ કોલેજના ડીન, સિવિલ સુપ્રિટેન્ડન્ટ અને તમામ વિભાગના એચઓડી ડોકટર્સ હાજર રહ્યા હતા. આ પ્રસંગે ડો. એસ.કે.મકવાણાએ ટીબીને નાબુદ કરવા માટે થતી તમામ કામગીરી કરવા અંગે સુચના આપી હતી. તે ઉપરાંત ટીબી અંગેના તમામ શંકાસ્પદ દર્દીઓની તપાસ તમામ વિભાગે કરવાની રહેશે. જયારે દરેક વિભાગ પ્રમાણે વિભાગની ઓપીડીના ૫ થી ૭ ટકા રેફરલ



કરવા માટે સુચન કર્યું હતું. ટ્રીટમેન્ટ પ્રિવેન્ટીવ થેરાપી (ટીપીટી) નજીકના સમયમાં ચાલુ કરવા અંગે માહિતી આપી હતી. અત્યારે હાલના સમયે ચાલી રહેલી કોરોના મહામારીમાં નેગેટીવ આવતા તમામ દર્દીઓની ફરજીયાત ટીબીની તપાસ કરવા જણાવ્યું હતું. કોરોના અને ટીબીના લક્ષણો સરખા છે, જેથી કોરોના નેગેટીવ દર્દીને ટીબીની તપાસ કરવી ખુબ જ આવશ્યક છે.

સિવિલની ઓપીડી વિસ્તારમાં ડો.એસ.કે. મકવાણાએ મુલાકાત લઈ ટીબી ચેસ્ટ વિભાગની, ટીબીના દર્દીઓની તપાસ થતી લેબોરેટરી, મેડીકલ ઓફિસર અને ટીબી વિભાગના એચઓડી ડો.ગુંજન ઉપાધ્યાય સાથે ટીબીની કામગીરી અંગે માહિતી મેળવી હતી. જયારે રાષ્ટ્રીય ક્ષય નિર્મૂલન કાર્યક્રમમાં થતી કામગીરીની ફાઈલોની ચકાસણી કરી હતી. જયારે વોર્ડમાં હઠીલા ટીબીના દર્દીઓ સાથે સરકાર દ્વારા મળતી સેવાઓ અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી.જયારે વોર્ડમાં હાજર પેરામેડીકલ સ્ટાફ સાથે પણ ટીબી અંગે રાષ્ટ્રીય ક્ષય નિર્મૂલન કાર્યક્રમ અંગે ચર્ચા વિચારણા કરી હતી.

આ પ્રસંગે ડો. અતુલ ત્રિવેદી (ડેપ્યુટી ડાયરેકટર મેડીકલ એજ્યુકેશન વિભાગ), ડો.વાય.કે.જાની (ડબલ્યુ. એચ.ઓ. કન્સલટન્ટ), ડો.દિક્ષિત કાપડીયા (સ્ટેટ ટીબી એચ.આઈ.વી. કોર્ડીનેટર), ડો.દિપક પી.પટેલ, (જીલ્લા ક્ષય અધિકારી), ડો.એચ.કે.પટેલ ( મનપા શહેરી ક્ષય અધિકારી), ડો.ગુંજન ઉપાધ્યાય (એચઓડી ટીબી ચેસ્ટ ડિપાર્ટમેન્ટ) ઉપસ્થિત રહ્યા હતા.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




**આ લોકો રૂપિયો ક્યાંથી આવશે અને ક્યાં જશે એ બધુ કહે છે... પણ વચ્ચે ક્યાં ખવાઈ જાય છે એ કદી નહીં બોલે...!!**

### ચિલોડા-મેતલાવડીથી ડભોડા-રામનગર-દહેગામને

# જોડતા માર્ગને પાકા રસ્તાનું નિર્માણ કાર્ય ખાતમુહૂર્ત

ગાંધીનગર જિલ્લાનું મોખરાનું સ્થાન ધરાવતું વિકસતું ચિલોડા ગામ સૌનું મોખરાનું આકર્ષણ કેન્દ્ર બન્યું છે. ત્યારે ગામના મુખ્ય રસ્તા શેરી રસ્તા તેમજ સીમાડાના મુખ્ય કાચા રસ્તાની સગવડ-સુવિધાયુક્ત ઠાકોરના હસ્તે કરવામાં આવ્યું. આ ખાતમુહૂર્ત પ્રસંગે ગામના અગ્રણી જયમીનભાઈ પટેલ, દિનેશભાઈ પટેલ, પૂર્વ જિલ્લા પંચાયત લલિતસિંહ ઠાકોર, દશરથજી ઠાકોર, ક્ષત્રિય ઠાકોર સેનાના અગ્રણી



બનાવવા કમર કસી છે. ત્યારે ચિલોડા-દહેગામનો ધોરીમાર્ગ સમકક્ષ ચિલોડા-મેતલાવડીથી ડભોડા-રામનગર-દહેગામ માર્ગની ત્રિભેટેથી પસાર થતું મુખ્ય. ૧.૫ કિ.મી. રસ્તાને પાકો રસ્તો બનાવવા રાજ્ય સરકાર દ્વારા ૭૮ લાખના માતબર રકમની ગ્રાન્ટ મંજૂર કરતાં નિર્માણકાર્યનો શુભારંભ-ખાતમુહૂર્ત દક્ષિણ વિધાનસભાના ધારાસભ્ય શંભુજી ગોવિંદજી ઠાકોર તથા ગ્રામ પંચાયતના સદસ્યો વગેરે ઉપસ્થિત રહ્યા હતા. ધારાસભ્ય શંભુજીએ ખેડૂતો સાથે વાર્તાલાપ કરતાં જણાવ્યું કે પૂર્વ મુખ્યમંત્રી-મહેસુલમંત્રી આનંદીબેન પટેલે ગ્રામ્ય વિસ્તારમાં કાચા રસ્તાને પાકા રસ્તાનું નિર્માણકાર્ય કરવા દસ હજાર કરોડની માતબર રકમની ગ્રાન્ટની જોગવાઈ હવે ફળિભૂત થતાં ગ્રામ્ય કાયાપલટ થઈ રહી છે.

# રાંધેજા ગામની જમીન પર ગેરકાયદેસર કબ્જો જમાવનાર ૪ સામે ફરીયાદ

ગાંધીનગર, તા.૧

રાંધેજા ગામની સીમમાં આવેલી જમીનમાં પોતાના હક હિસ્સો ન હોવા છતા ગેરકાયદેસર રીતે જમીન પચાવી પાડી જમીન પર કબ્જો કરી જમીનમાં ઓરડી બનાવી પતરા નાંખી ફુલ જોગણી માતાજીનું મંદિર બનાવી પાકુ બાંધકામ કરી જમીન પર ગેરકાયદેસર કબ્જો જમાવનાર ચાર વ્યકિત સામે પેથાપુર પોલીસ મથકે લેન્ડ ગ્રેંબીગ એકટ હેઠળ ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ કડીના વડાવી ગામના અને હાલ ગાંધીનગર સરગાસણ ચોકડી પાસે શ્રી રંગ પાર્ક ખાતે રહેતા મિલનકુમાર વિષ્ણુભાઈ પટેલ પરિવાર સાથે રહે છે અને સેકટર-૨૮ મેટ્રો મોટર્સના નામે કાર રીપેરીંગનું ગેરેજ ચલાવે છે. રાંધેજા ગામની સીમમાં રીસર્વે નં.૧૯૩૪ તેમજ ૧૯૩૬ જમીનના મુળ માલિકો પટેલ જયંતીભાઈ નાથાલાલ તેમજ પટેલ વિષ્ણુભાઈ નાથાલાલ તેમજ લીલાબેન સાંકળચંદ પટેલ અને કમલેશ સાંકળચંદ પટેલ, દિલિપ સાંકળચંદ પટેલ, હંસાબેન જયંતિભાઈ પટેલ, ભાવેશકુમાર જયંતિલાલ પટેલ તેમજ રીન્કેશ જયંતિલાલ પટેલની માલિકીની હતી. તે પૈકી સર્વે નં.૧૯૩૪ વાળી જમીન તા.૨૨-૯-૨૦ ના રોજ મહેન્દ્રભાઈ બળદેવભાઈ પટેલ (રહે.આર્યવત બંગ્લોઝ-૨ પ્રહલાદનગર વેજલપુર) નાઓએ વેચાણ દસ્તાવેજ નં.૧૭૯૩૨ થી વેચાણ લીધી હતી. જે અંગે રેવન્યુ રેકર્ડ એન્ટ્રી નં.૧૫૦૯ તા.૨૮-૯-૨૦ થી નોંધ પડી છે. અને તા.૧૬-૧૨-૨૦ ના રોજ નોંધ પ્રમાણિત કરાઈ છે. ત્યારબાદ બંને રીસર્વે ૧૯૩૪, ૧૯૩૬ વાળી જમીન માલિક મહેન્દ્રભાઈ બળદેવભાઈ પટેલ પાસેથી અરજદાર અને વાઘેલા ભુપેન્દ્રસિંહ જીવણજી (કોલવડા)એ જમીન વેચાણ દસ્તાવેજથી રાખવાનું નક્કી કર્યું હતું. ત્યારબાદ જમીન સર્વે નં.૧૯૩૪ ની જમીન કિં.૨૮,૮૫,૦૦૦ નક્કી કરી વેચાણ દસ્તાવેજ કર્યો હતો. જયારે ૧૯૩૬ વાળી જમીનની કિં.૧૩ લાખ નક્કી કરી વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખી હતી.જેને રેવન્યુ રેર્કડમાં નોંધ થઈ હતી. ત્યારબાદ રાંધેજાની જમીનમાં ગેરકાયદેસર કબ્જો જમાવી મંદિર અને ઓરડી બનાવતા પેથાપુર પોલીસ મથકે મિલન વિષ્ણુકુમાર પટેલ દ્વારા ધનજીભાઈ નારણભાઈ ઓડ, વિપુલ ધનજીભાઈ ઓડ, પવનબેન ધનજીભાઈ ઓડ (ત્રણેય રહે.૨૦ દિવ્યપુંજ બંગ્લોઝ ટીપી-૪૪ ચાંદખેડા ફાયર સ્ટેશનની બાજુમાં) સુરેશ રતિલાલ પટેલ (રહે.ગુરુકુલ સોસાયટી શાંતિનગર સોસાયટી પાસે ચાણસ્મા પાટણ) સામે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

**ટચૂકડી જાહેર ખબર**

**CHANGE of NAME**

**Old Name :** Brahambhatt Nirav kumar Gautamkumar
**New Name :** Brahmbhatt Niravkumar Gautamkumar
Add :
202, Shyati Residency, New C.G. Road, Divyajivan Flat, Chandkheda, Ahmedabad, Gujarat-382424

# ગુજરાત વિદ્યાપીઠ સાદરામાં ગાંધી નિર્વાણ દિવસની ઉજવણી

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ વિભાગ, સાદરાની રાષ્ટ્રીય સેવા યોજન એકમ દ્વારા ગાંધીજીના નિર્વાણ દિવસ પર અને રાજયપાલ દ્વારા માર્ગદર્શિત કાર્યક્રમ આઝાદીના અમૃત મહોત્સવ પર યુવા સંકલ્પ શ્રેષ્ઠ ભારતના પાંચ પ્રકલ્પ અંતર્ગત ગાંધી સાહિત્ય અને અન્ય કુરિવાજોને લગતા પોસ્ટર પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું અને રાષ્ટ્રીય સેવા યોજન એકમના સ્વયં સેવકોએ પૂજ્ય મહાત્મા ગાંધીજીના પ્રિય આત્માની ખોરાક એવી પ્રાર્થનાને ધ્યાનમાં રાખી આખા ગામમાં પ્રાર્થના ભજનાવલીનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં વિશેષ મોતીભાઈ રહેવર દ્વારા આ પ્રવૃત્તિમાં મુખ્ય કામગીરી કરેલી હતી. જેમાં રાષ્ટ્રીય સેવા યોજના એકમના સ્વયં સેવકોએ ગાંધીજીના સાહિત્યનું પ્રચાર પ્રસાર થાય તે હેતુથી આ રચનાત્મક પ્રવૃત્તિનું આયોજન કર્યું હતુ. સંપૂર્ણ કાર્યક્રમના આયોજન પાછળ ડીન જગદીશચંદ્ર સાવલિયાનું માર્ગદર્શન અને પ્રોત્સાહન રહ્યું હતું. કાર્યક્રમનું આયોજન રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડો. નીરજ સિલાવટ દ્વારા કરવામાં આવ્યું હતું.

**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ**
**(ગુજરાત સરકારનું સાહસ)**
**જાહેર નિવિદા નં.૦૯ સને ૨૦૨૧-૨૨ (બીજીવારનું)**

કાર્યપાલક ઈજનેર જાહેર આરોગ્ય યાંત્રિક વિભાગ, મોડાસા, શંકર નિવાસ, કચ્છ કડવા પાટીદાર પટેલ સમાજવાડી સામે, શામળાજી રોડ, મોડાસા, જી. અરવલ્લી-પીન કોડ નં. ૩૮૩૩૧૫ મો. નં. ૯૯૭૮૪૦૬૬૮૩ની કચેરી દ્વારા ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી કામોના માઈલ સ્ટોન ડેટામાં માગ્યા મુજબ નિયત લાયકાત ધરાવતા ઠેકેદારો પાસેથી ભાવો માંગવામાં આવે છે. વિગતવાર ટેન્ડર નોટીસ અને ટેન્ડર ડોક્યુમેન્ટ્સ www.nprocure.com પર ઉપલબ્ધ છે. ટેન્ડર ઓનલાઈન અપલોડ કરવાની છેલ્લી તા. ૧૪/૨/૨૦૨૨ને ૧૮.૦૦ કલાક સુધી છે. હાર્ડ કોપીમાં દસ્તાવેજ કચેરીમાં પોસ્ટ / રજી.પો.એ.ડી. / સ્પીડ પોસ્ટ / કુરીયર / રૂબરૂમાં પુરા પાડવાની છેલ્લી તા. ૧૫/૨/૨૦૨૨ ૧૫.૦૦ કલાક સુધી છે. ઉપરોક્ત કામો માટેના ભાવપત્રકોમાં હવે પછીના કોઈપણ સુધારા વધારા સંબંધિત વેબસાઈટ ઉપર પ્રદર્શિત કરવામાં આવશે. ગુ.પા.પુ. અને ગ.વ્ય. બોર્ડના સક્ષમ કક્ષા દ્વારા ટેન્ડરો કોઈપણ કારણ આપ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર રહેશે. ગ્રામ્ય કક્ષાથી પીવાના પાણીની ફરિયાદો માટે ટોલ ફ્રી નં. ૧૯૧૬ છે.

| અનુ | કામનું નામ | (૧) અંદાજીત રકમ (૨) બાનાની રકમ (૩) ટેન્ડર ફી (૪) આઈ.ડી. નં. |
|---|---|---|
| ૧. | બાયડ અને ધનસુરા તાલુકાઓના જુદા જુદા ગામોમાં ડી.આર બોર શારવાના કામો બાબત | (૧) રૂ. ૮,૩૦,૪૮૬.૦૦ (૨) રૂ. ૮૩૧૦.૦૦ (૩) રૂ. ૯૦૦.૦૦ (૪) આઈ.ડી. નં. ૫૦૩૭૨૪ |
| ૨. | મોડાસા, માલપુર બાયડ અને ધનસુરા તાલુકાઓના જુદા જુદા ગામોમાં મીની ડી.આર બોડ શારવાના કામો બાબત | (૧) રૂ. ૯,૩૯,૬૭૫.૦૦ (૨) રૂ. ૯૪૦૦.૦૦ (૩) રૂ. ૯૦૦.૦૦ (૪) આઈ.ડી. નં. ૫૦૩૭૩૦ |

નામાનિ/હિંમત/૫૪૭/૨૦૨૨